ખેડબ્રહ્મા

# નગરવાણી

નગરવિકાસમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરતું સામયિક વર્ષ-૨, અંક-૮, સળંગ અંક-૧૨ ઓગસ્ટ, ૨૦૦૫

**આપણું નગર**

## ઈન્દિરાનગર: એક પરિચય

વોર્ડ નં-૪માં ઈન્દિરાનગર ફળિયાનો વિસ્તાર ઊંચાણવાળો વિસ્તાર છે અને તે મુખ્ય નગર વિસ્તારની બહારનો વિસ્તાર છે. તેમાં લગભગ ૭૦ પરિવારો રહે છે. મદારી, થોરી, વસાવા, નટ, તડવી, બાગરી, આદિવાસી અને સલાટ વગેરે લોકોનાં પરિવારો ત્યાં રહે છે. મદારીઓ વિચરતી જાતિના છે. આરંભમાં ૨૨ પરિવારો તેમનાં હતાં. પરંતુ તેમાંનાં અડધાં પરિવારો હવે સ્થળાંતર કરી ગયાં છે. આ ફળિયામાં ૪૧૨ પ્લોટ છે કે જે મુખ્યત્વે ગરીબીની રેખા નીચે જીવતાં પરિવારો માટે છે. લગભગ ૭૦ પરિવારો જમીનની માલિકી ધરાવે છે. બાકીનાં આશરે ૨૦૦ પરિવારો પાસે તેમણે જે જમીન પર પોતાનાં ઘર બાંધ્યાં છે તે જમીનની માલિકી નથી. તેઓ ત્યાં સ્થાયી થયાં છે કારણ કે જેમને એ જમીનો ફાળવાઈ હતી તેઓ ત્યાં વસ્યા નહોતા. જેમને જમીનો ફાળવાઈ હતી તેમાંના કેટલાકે તેમની જમીન વેચી પણ દીધી હતી. પરંતુ કાયદાનુસાર આ રીતે જમીન વેચી શકાતી નથી. તેથી નગરપાલિકાએ કેટલીક જમીનોનાં વેચાણ રદ પણ કર્યાં છે.

મોટા ભાગનાં પરિવારો ખેત મજૂરો તરીકે કામ કરે છે. તેમની કુલ આજીવિકાનો પાંચમો કે આઠમો ભાગ તેમને ખેત મજૂરીમાંથી જ મળે છે. ખેતીની પ્રવૃત્તિ માટે જરૂરી તમામ મૂડી રોકાણ તો જમીનના માલિક એવા ખેડૂતો જ કરે છે. આ ખેડૂતો તેમને વરસના આરંભે થોડીક રકમ લોન તરીકે પણ આપે છે, અને જ્યારે પાક વેચાય ત્યારે એ લોનનો હિસાબ કરવામાં આવે છે. કેટલાક લોકો બાંધકામ કામદાર તરીકે પણ કામ કરે છે. વર્ષમાં અડધો સમય તેમને આ મજૂરી મળતી હોવાનો અંદાજ છે. મહિલાઓ પણ બાંધકામ કામદાર તરીકે કામ કરે છે અને ઘરેલૂ કામદાર તરીકે કામ કરવા પણ જાય છે. ઉનાળામાં આ તમામ કામદારોને મોટે ભાગે કામ મળતું નથી.

કેટલાંક પરિવારોએ મરઘાં-બતકાં ઉછેર, પશુપાલન અને કરિયાણાનો ધંધો પણ સ્વીકાર્યો છે. આ ફળિયામાં ૧૪ મહિલાઓનું એક સ્વસહાય જૂથ કામ કરે છે. તેની પાસે રૂ. ૨૫,૦૦૦ની બચત છે અને તેને તાજેતરમાં જ રૂ. ૭,૦૦૦ની લોન પ્રાપ્ત થઈ છે.

આ ફળિયામાં સિમેન્ટ કૉંક્રિટના રોડ બાંધવામાં આવ્યા છે, પરંતુ એ રસ્તાનું બાંધકામ પૂરું કરવામાં આવ્યું નથી. રસ્તાની બંને બાજુની જગ્યાઓ પર પરિવારોએ દબાણ કરેલું છે. તેથી ત્યાં વાહનો લઈ જવાની મુસીબત પડે છે. એક દુકાનદારે આ ફરિયાદ કરી હતી. ફળિયામાં રસ્તાઓ પર લાઈટો છે. કેટલાંક ઘરોમાં કાનૂની વીજળી જોડાણ છે. અને કેટલાંક ઘરોમાં ગેરકાયદે વીજળી જોડાણ છે. એક હેન્ડપંપ છે. પાણીની પાઈપલાઈન થોડી નાખવામાં આવી છે ખરી. તે દોઢેક વર્ષ અગાઉ નાખવામાં આવી હતી. બે ઘરોમાં નળ દ્વારા પાણી મળે છે અને માત્ર ચોમાસામાં રોજની ૧૦ મિનિટ માટે તેમાંથી પાણી આવે છે. આમ, પીવાના પાણીની સમસ્યા એ મોટી સમસ્યા છે.

ફળિયામાં જાહેર જાજરૂ બાંધવામાં આવ્યાં છે ખરાં પણ તેમાં પાણીની સગવડ નથી. નગરપાલિકાએ પોતે જ તેમને તાળાં મારી દીધાં છે. ફળિયામાં છઠ્ઠા ધોરણ સુધીની શાળા છે. ફળિયાથી એક કિ.મી. દૂર એક સસ્તા અનાજની દુકાન છે. ત્યાં કેરોસિન, ચોખા, ઘઉં અને ખાંડ ઉપલબ્ધ છે. ફળિયામાં કોઈ આંગણવાડી નથી.

**પાલિકાની પગદંડીએ**

## પાલિકાના નિર્ણયો

ખેડબ્રહ્મા નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક તા.૨૭.૭.૨૦૦૫ના રોજ બપોરે ૩.૩૦ વાગ્યે મળી હતી. તેમાં અધ્યક્ષ સહિત ૧૧ સભ્યો હાજર રહ્યા હતા. આ સભાનું અધ્યક્ષ સ્થાન પાલિકાના પ્રમુખશ્રી નવનીતકુમાર રાવલે સંભાળ્યું હતું. આ સભામાં થયેલાં અગત્યનાં કામો નીચે મુજબ હતાં:

(૧) નગરપાલિકાના ખર્ચના બિલો નં. ૩૪૦થી નં. ૩૫૪ મંજૂર કરવામાં આવ્યાં.

(૨) રેલવે સ્ટેશન પાસે કચરાભાઈ મનજીભાઈ હરિજન વગેરેની કેબિનો મૂકવામાં આવી હતી. તેમની માગણી છે કે અન્ય જગ્યાએ તેમને કેબિનો મૂકી ધંધો કરવા માટે જમીન ફાળવવામાં આવે. આ અંગે સિટી સર્વે કચેરી મારફત નકશો બનાવડાવી રજૂ કરવો.

(૩) ગુજરાતની વડી અદાલતના આદેશ અનુસાર રસ્તાઓ પરનાં તમામ દબાણો દૂર કરવાં.

(૪) સર્વે નં-૮(અ) પૈકીની ૯૭૧૩ ચો.મી. જમીનના બિન-ખેતી ઉપયોગ માટે પરવાનગી આપવા અરજી કરવામાં આવી હતી. તે માટે ન વાંધા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(૫) નગરપાલિકાના સભ્ય શ્રીમતી શાંતાબહેન કિસનભાઈ નાયરનું નામ એસએનડીટી મહિલા યુનિવર્સિટી-મુંબઈની સેનેટના સભ્ય તરીકે મોકલવું.

(૬) મિલકતમાં નામ બદલ માટેની ૧૭ અરજીઓ મંજૂર.

(૭) ૧૧મા નાણાં પંચનાં અનુદાન, મનોરંજન કરના અનુદાન અને સ્વભંડોળનાં વિવિધ કામો માટેનાં ટેન્ડરો ખોલવામાં આવ્યાં અને તેમને મંજૂરી આપવામાં આવી: (૧) વોર્ડ નં-૭, ટેલિફોન એક્સચેન્જ

અને મધુભાઈ ત્રિવેદીના ઘર તરફનો રસ્તો. ખર્ચ રૂ. ૬૧,૭૩૬. કોદરલાલ ડી. પ્રજાપતિનું ટેન્ડર મંજૂર. (૨) વોર્ડ નં-૭, પટેલ સોસાયટીમાં રસ્તાનું બાંધકામ. ખર્ચ રૂ. ૫૨,૭૫૭. કોદરલાલ ડી. પ્રજાપતિનું ટેન્ડર મંજૂર. (૩) વોર્ડ નં-૬, મુખ્ય રસ્તાથી પ્રા. શાળા તરફનો રસ્તો. ખર્ચ રૂ. ૪૯,૪૪૬. ભૂપેશકુમાર પ્રજાપતિનું ટેન્ડર મંજૂર. (૪) વોર્ડ નં-૫, બાબુભાઈ પરમારના ઘરથી ઉર્મિલાબહેનના ઘર તરફનો રસ્તો. ખર્ચ રૂ. ૫૪,૭૨૫. ભૂપેશકુમાર પ્રજાપતિનું ટેન્ડર મંજૂર. (૬) જનસેવાથી પોલિસ લાઈન તરફ પાઈપલાઈન નાખવાનું કામ. ખર્ચ રૂ. ૭૪,૫૦૦. નવેસરથી ટેન્ડરો મંગાવવાનો નિર્ણય. (૯) જનસેવાથી ઉન્ડવા તરફની પાઈપલાઈન હટાવવાનું કામ. ખર્ચ રૂ. ૩૬,૭૫૦. નવીનભાઈનું ટેન્ડર મંજૂર.

(૮) રાવળ ફળિયામાં ઢાળ ઉતારવાની અરજી ત્યાંના રહીશો તરફથી આવી હતી. પણ તે કામ જરૂરી લાગતું નથી.

(૯) કેશાભાઈ વસ્તાભાઈ પટેલની ફરિયાદ હતી કે તેમને ત્યાં પાણી આવતું નથી. આ અંગેની તપાસ પાલિકાના મુખ્ય અધિકારી અને સભ્ય શામળભાઈ પરમાર કરે અને જરૂરી કાર્યવાહી કરે.

(૧૦) ભક્તિનગર સોસાયટીમાં પાકો રસ્તો બાંધવા માટે જેસિંગભાઈ બ્રાહ્મણિયાની અરજી હતી. પણ તે શક્ય નથી.

(૧૧) માતાજી કંપાના રહીશોની ફરિયાદ હતી કે તેમના વિસ્તાર માટે પાણીની પાઈપલાઈન અલગ હોવા છતાં પાણી આવતું નથી. કારણ કે તે પાઈપલાઈનમાંથી જ અન્ય જોડાણો આપવામાં આવ્યાં છે. મુખ્ય અધિકારી અને સભ્ય શામળભાઈ પરમાર તપાસ કરે અને જરૂરી કાર્યવાહી કરે.

(૧૨) સરદાર પટેલ શોપિંગ સેન્ટરની તળિયાની દુકાનોને આગળની સાઈડે રંગ કરાવવો. તેનો ૫૦ ટકા ખર્ચ દુકાનદાર ભાડુઆતો આપે અને ૫૦ ટકા ખર્ચ નગરપાલિકા ઉઠાવે.

(૧૩) વિકાસનાં કામો માટેની મંજૂરીઃ (૧) માતાજી કંપાના વોટર વર્ક્સ માટે પાઈપલાઈન. ધારાસભ્ય ફંડમાંથી ખર્ચ રૂ. ૫૫૦૦. રાજુભાઈ સુથારનું ટેન્ડર મંજૂર. (૨) ડિઝલ એન્જિનની ખરીદી. ખર્ચ રૂ. ૨૦,૫૦૦. શ્રીકૃષ્ણ ટ્રેડિંગ કંપનીનું ટેન્ડર મંજૂર. આ બંને કામો માટે મંજૂર થયેલી ગ્રાન્ટ કરતાં વધારાનો ખર્ચ નગરપાલિકાના સ્વભંડોળમાંથી આપવામાં આવશે.

(૧૪) શહેરી વિકાસ વર્ષ નિમિત્તે આણંદના ક્રિષ્ણા કન્સલ્ટન્ટ દ્વારા રૂ. ૯.૫૯ કરોડની વિકાસ યોજના તૈયાર કરાવવામાં આવ્યો છે. તેની પ્રોજેક્ટ તૈયાર કરવાની ફી પેટે રૂ. ૮૭,૦૦૦ ચૂકવવા. રાજ્ય સરકારે આ માટે નીચેની વિગતે અનુદાન ફાળવ્યું છેઃ (૧) પાણી પુરવઠો - રૂ.૫૦ લાખ. (૨) ગૌરવપથ - રૂ. ૧૧ લાખ. (૩) સ્મશાન - રૂ. ૧૦ લાખ. (૪) રસ્તા - રૂ. ૯ લાખ.

## લોકાર્પણ

તા.૧૩.૮.૨૦૦૫ના રોજ ગુજરાત રાજ્યના મહેસૂલ પ્રધાન કૌશિકભાઈ પટેલના હસ્તે નગરપાલિકાનાં આ કામોનો લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતોઃ (૧) સરદાર પટેલ ચોક ખાતે આવેલા સરદાર પટેલ શોપિંગ સેન્ટર ઉપરના પ્રથમ માળનું બાંધકામ. (૨) સરદાર પટેલ ચોકમાં આવેલા સરદાર પટેલ સ્મારકની ફરતે તૈયાર કરવામાં આવેલું નવું સર્કલ. (૩) નગરપાલિકાની કચેરીમાં ઈ-ગવર્નન્સ. આ કાર્યક્રમમાં ખેડબ્રહ્માના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વિવિધ પ્રમાણપત્રોના નવા દર

નગરપાલિકાની કારોબારી સમિતિએ તા.૨૭.૭.૨૦૦૫ના રોજ વિવિધ પ્રકારનાં પ્રમાણપત્રો માટેની નવી ફી નક્કી કરી છે. નગરપાલિકાની કચેરીમાં કોમ્પ્યુટર વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે તેથી તેના નિભાવ માટે આ નવી ફી નક્કી કરવામાં આવી છેઃ (૧) આકારણીપત્રકનો ઉતારો-રૂ. ૩૨૦. (૨) જન્મ પ્રમાણપત્ર-રૂ. ૨૦. (૩) મરણ પ્રમાણપત્ર-રૂ. ૨૦. (૪) મતદાર યાદી પ્રમાણપત્ર-રૂ. ૧૦ (૫) આવકના દાખલા-રૂ. ૧૦. (૬) અન્ય પ્રમાણપત્રો તેમ જ દાખલા-રૂ. ૧૦.

## વિકાસનાં કામોની પ્રક્રિયાનો આરંભ

ખેડબ્રહ્મા નગરપાલિકાએ અખબારોમાં જાહેરખબર આપીને વિકાસનાં વિવિધ કામો માટે ટેન્ડરો મંગાવ્યાં હતાં. આ કામો અંગેની અને તેમના અંદાજિત ખર્ચની વિગતો નીચે મુજબ છેઃ (૧) શહેરી વિકાસ વર્ષ નિમિત્તે રાજ્ય સરકારના અનુદાનમાંથી થનારું કામઃ રાજ્ય ધોરી માર્ગથી સરદાર ચોક સુધીના રસ્તાનો ગૌરવ પથ તરીકે વિકાસસ અંદાજિત ખર્ચ રૂ. ૨૦,૫૦,૨૨૫. (૨) (અ) રાજ્ય સભાના સભ્યના ફંડમાંથી થનારાં કામોઃ ક્ષીરજામ્બા મંદિર સામે આવેલા સ્મશાનગૃહ માટે સ્ટોર રૂમનું કામ. અંદાજિત ખર્ચ રૂ. ૬૭,૮૨૧. (આ) વાસુદેવભાઈ જોશીના ઘરથી અશોકભાઈ જોશીના ઘર સુધી માર્કેટ યાર્ડ પાછળ સીસી રોડનું બાંધકામ. અંદાજિત ખર્ચ રૂ. ૯૩,૬૪૬. (ઈ) શરદભાઈ પટેલના ઘરથી લખુભાઈ અટારાના ઘર તરફ સીસી રોડનું બાંધકામ. અંદાજિત ખર્ચ રૂ. ૫૮,૬૧૩.

## નગરી નગરી દ્વારે દ્વારે

## વોર્ડ બેઠકો

### રબારી વાસ

તા. ૩૦.૮.૨૦૦૫ના રોજ સવારે ૮થી ૧૦ દરમ્યાન 'નાગરિક સહયોગ કેન્દ્ર'ના ઉપક્રમે એક વોર્ડ બેઠક યોજવામાં આવી હતી. તેમાં ૩૭ નાગરિકો હાજર રહ્યા હતા. આ વિસ્તારનો મુખ્ય પ્રશ્ન જમીનની કાયદેસરતાનો છે. હાલમાં ૧૪ પરિવારો વસવાટ કરે છે. તેઓ ૫૦ વર્ષથી ત્યાં વસવાટ કરે છે. તેમને ૧.૨૦ એકર જમીન ફાળવવામાં આવી હતી. જમીનની માલિકીના સંદર્ભમાં તેમણે કલેક્ટરને અરજી કરી છે અને પ્રાંત ઓફિસમાં તેની કાર્યવાહી ચાલુ છે. આ પરિવારો માલધારીઓના છે અને સ્થળ ચકાસણી કરી જમીનની માપણી કરવામાં આવે તો આ પ્રશ્ન હલ થઈ શકે તેમ છે તેવી રજૂઆત આ બેઠકમાં કરવામાં આવી હતી.

## મદારી વાસ

વૉર્ડ નં-૪માં મદારી વાસ ખાતે તા.૨૬.૮.૦૫ના રોજ 'નાગરિક સહયોગ કેન્દ્ર'ના ઉપક્રમે એક બેઠકનું આયોજન સાંજે ૬.૦૦થી ૯.૦૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૨ મહિલાઓ સહિત ૨૦ નાગરિકો હાજર રહ્યા હતા. જમીનની માલિકી, લાઈટ અને રસ્તાની સમસ્યાઓ વિશે આ બેઠકમાં વિગતે ચર્ચા થઈ હતી. કુલ ૨૪ પરિવારો અહીં રહે છે. તેઓ જે ઘરોમાં રહે છે તે જમીનની માલિકીની સમસ્યા વિશેષ છે. આ અંગે વિગતે કાર્યવાહી શરૂ થઈ છે.

## પંચશીલ વસાહત

વૉર્ડ નં-૪માં ઈન્દિરાનગર વિસ્તારની પંચશીલ વસાહતમાં તા.૩૧.૮.૨૦૦૫ને બુધવારના રોજ સાંજે ૬.૦૦થી રાતના ૯.૦૦ સુધી એક બેઠકનું આયોજન 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં ૫૨ જેટલા નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં આ વૉર્ડના કાઉન્સિલર શ્રી કંચનભાઈ વસાવા અને શ્રી ગોપાલભાઈ પણ હાજર રહ્યા હતા. જમીનની સનદ, પાણી, સફાઈ, વીજળી, રસ્તા વગેરે જેવી નગરપાલિકાની સેવાઓ વિશે તેમાં ચર્ચા થઈ હતી. ઉપરાંત, મતદાર યાદીઓ અને સસ્તા અનાજની દુકાનો વિશે પણ ચર્ચા થઈ હતી. મદારીઓએ એક આવાસ યોજનાનો લાભ લેવાનું વિચાર્યું છે. જમીનની સનદ વિશે સિટી સર્વે ઓફિસમાં રજૂઆત કરાશે. પછીથી લોકો, કાઉન્સિલરો અને નગરપાલિકાના મુખ્ય અધિકારી વચ્ચે સેવાઓની સમસ્યાઓ વિશે અનૌપચારિક ચર્ચાઓ થઈ હતી. તે પછી એ સમસ્યાઓના નિવારણ માટે એક કાર્યલક્ષી યોજના તૈયાર કરવામાં આવી હતી. કાઉન્સિલરો અને નાગરિકો પછીથી જમીનની સનદના પ્રશ્ને સિટી સર્વેની ઓફિસમાં સુપરવાઈઝરને મળ્યા હતા. તેમણે હિંમતનગર ખાતેના અધીક્ષકને મળવાની સલાહ આપી હતી. હવે વૉર્ડ નં-૪માં જમીનની માલિકીના સર્વેની કામગીરી શરૂ થઈ છે. રજૂઆતોને પગલે વિસ્તારની રસ્તા પરની લાઈટની સમસ્યા દૂર થઈ છે અને હેન્ડપંપ ઉપરનું ઢાંકણું પણ નગરપાલિકા તરફથી નાખી દેવામાં આવ્યું છે.

જમીનની સનદ વિશે જ્યારે નગરપાલિકાના મુખ્ય અધિકારી સાથે પણ વાતચીત કરવામાં આવી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે નગરપાલિકાની કારોબારી પણ આ મુદ્દે ચર્ચા કરશે અને નિર્ણય લેશે. ૧૯૮૮માં આ જમીનો જ્યારે ગરીબોને ફાળવવામાં આવી ત્યારે જે તલાટી હતા તે તલાટીને મળીને રજૂઆત કરવામાં આવી તો તેમણે જણાવ્યું હતું કે દરેક જણે વ્યક્તિગત રીતે નગરપાલિકાને અરજી કરવી જોઈએ. પછી તે સરકારને પોતાની ભલામણ સાથે રજૂઆત કરશે.

મહિલા કાઉન્સિલર સમક્ષ પણ આ પ્રશ્નોની રજૂઆત કરાઈ હતી. ઉપરાંત, ધરોઈ ડેમ બંધાતાં ત્યાંથી વિસ્થાપિત થયેલા લોકો જ્યાં સ્થાયી થયા છે તે ચોપાલપુરા વસાહતના રહીશોની સમસ્યાઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. પાણીની સમસ્યા અંગે મુખ્ય અધિકારીએ એમ કહ્યું હતું કે જેમનાં પાણી જોડાણો ગેરકાયદે છે તે રદ કરવામાં આવશે અને બધાને પાણી મળી રહે તે રીતે વ્યવસ્થા કરવામાં આવશે.

આ બેઠકમાં પાણી માટે ચાર સ્ટેન્ડ પોસ્ટ નાખવાનું નાગરિકોએ સૂચન કર્યું હતુંઃ (૧) મથુરભાઈ તડવીના ઘર પાસે. (૨) મુકેશભાઈ ખુશાલભાઈના ઘર પાસે. (૩) જશવંત બાબુભાઈના ઘર પાસે. (૪) ઈશ્વરભાઈ બધાભાઈના ઘર પાસે.

## નવા મારવાડા

વૉર્ડ નં-૭ના આ વિસ્તારમાં તા.૧૭.૮.૨૦૦૫ને બુધવારના રોજ બપોરે ૩.૦૦થી ૫.૦૦ દરમ્યાન 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા વૉર્ડ બેઠક યોજવામાં આવી હતી. તેમાં ૧૦ મહિલાઓ સહિત ૧૫ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં નાગરિકોએ બે મુખ્ય માગણીઓ રજૂ કરી હતીઃ (૧) ઉનાળામાં જ્યારે પાણીની તંગી પડે છે ત્યારે ટેંકર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે. (૨) ગટરલાઈન નાખવામાં આવે તો ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા વધારે સારી રીતે થઈ શકે.

**સ્વશાસન**

# વહીવટી ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે નાગરિક કાર્ય

શાસન વ્યવસ્થાને સંપૂર્ણ લોકતાંત્રિક બનાવવા માટે સુશાસન એક પૂર્વશરત છે. વિકાસની પ્રક્રિયાના તમામ તબક્કાઓમાં તમામ લોકો અને ખાસ કરીને અસહાય જૂથો ભાગીદાર થાય તે આવશ્યક છે. વાસ્તવમાં, સહભાગિતા, ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા એ સુશાસનના સ્તંભો છે. સ્થાનિક સ્વશાસનના સંદર્ભમાં લોકોની સહભાગિતા માટે પૂરતો અવકાશ હોવો જોઈએ. તો જ ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા સિદ્ધ થઈ શકે. જો શહેરી સ્થાનિક વહીવટી તંત્ર એટલે કે નગરપાલિકા તેની પ્રાથમિક ફરજો અદા કરતું ના હોય તો નાગરિકો તેની સામે કાનૂની કાર્યવાહી કરી શકે છે.

મધ્ય પ્રદેશમાં રતલામ નગરપાલિકા સામે ખુલ્લી ગટરો અને ઝૂંપડાવાસીઓ ખુલ્લામાં મળત્યાગ કરતા હોવાને લીધે રહીશોને પડતી તકલીફો અંગે નાગરિકોએ એક કેસ કર્યો હતો. નગરપાલિકાના સત્તાવાળાઓએ એમ કહ્યું હતું કે નાણાંની અછત છે તેથી સમસ્યાઓ ઉકેલી શકાય તેમ નથી. સર્વોચ્ચ અદાલતે નગરપાલિકાને આ કેસમાં નીચે મુજબના કેટલાક આદેશો આપ્યા:

(૧) રાજ્યે બંધારણના ભાગ-૩ હેઠળ માનવ અધિકારોને માન આપવું જોઈએ.
(૨) ફોજદારી કાર્યવાહી ધારાની કલમ-૧૩૩ જાહેર મહત્ત્વની બાબત અંગે છે. તે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને જાહેર સ્થળેથી કોઈ પણ પ્રકારની તકલીફ દૂર કરવા માટેનો હુકમ કરવાની સત્તા આપે છે.
(૩) જો નગરપાલિકા આ અંગેની જોગવાઈ ના કરે તો ભારતીય દંડ

સંહિતાની કલમ-૧૮૮ હેઠળ નગરપાલિકાના સત્તાવાળાઓ સામે દંડાત્મક કાર્યવાહી થઈ શકે છે.

રાજસ્થાનમાં જયપુર મહાનગરપાલિકા સામે પણ થયેલા એક કેસમાં શહેરી સફાઈનો અને પાલિકાની ફરજો અંગેનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. એક નાગરિકે કરેલી અરજીમાં શહેરની પૂરતી સફાઈ કરવામાં આવે તેવો આદેશ પાલિકાને આપવા માટે અરજ કરી હતી. અરજીમાં પાલિકા સફાઈ ન કરે તે ભારતના બંધારણની કલમ-૨૧ અને કલમ-૫૧(એ)(જી)નો ભંગ કરે છે એમ જણાવાયું હતું. કલમ-૫૧(એ)(જી) દરેક નાગરિક જંગલો, તળાવો, નદીઓ અને વન્ય જીવન જેવું પર્યાવરણ જાળવે અને સુધારે તેવી દરેક નાગરિકની ફરજ છે એમ દર્શાવે છે.

ઉપરાંત, પ્રદૂષિત વાતાવરણ પર્યાવરણને બગાડે છે અને તેથી બંધારણની કલમ-૨૧નો ભંગ થાય છે એમ પણ આ અરજીમાં કહેવાયું હતું. વળી, આરોગ્ય, સફાઈ અને પર્યાવરણનું રક્ષણ બંધારણની કલમ-૨૧ના કાર્યક્ષેત્રમાં આવે છે એવું પણ અરજીમાં કહેવાયું હતું. આ સંદર્ભમાં અદાલતે આપેલા ચુકાદામાં નીચેના મુદ્દાઓ છતા થાય છે:

(૧) નગરપાલિકાએ ગંદકી અને ધૂળ છ માસના સમયમાં દૂર કરવા અને સમગ્ર જયપુર શહેરને છ માસના ગાળામાં સ્વચ્છ બનાવવું.
(૨) વહીવટદારની એ ફરજ છે કે નગરપાલિકાની તમામ પ્રાથમિક ફરજો તે અદા કરે.
(૩) નગરપાલિકા પાસે નાણાં નથી અથવા તો કર્મચારીઓ નથી તેથી તે પ્રાથમિક ફરજો અદા કરી શકે તેમ નથી એવું તે કહી શકે નહિ. એટલે કે નગરપાલિકા આવું કોઈ બહાનું બતાવી શકે નહિ.
(૪) કાયદામાં જે કંઈ જોગવાઈઓ કરવામાં આવેલી હોય તેનું પાલન પાલિકાએ કરવું જ જોઈએ.
(૫) નાગરિકોને પાલિકાના સફાઈ કાર્યક્રમની સંપૂર્ણ માહિતી મેળવવાનો અધિકાર છે.

નાગરિકો જો પાલિકાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની બાબતે સક્રિય થાય તો વિધાયક પરિણામ આવી શકે છે અને પાલિકાના વહીવટી તંત્રને ઉત્તરદાયી અને પ્રતિભાવાત્મક બનાવી શકાય છે. આશા છે કે સુશાસન માટે દેશની અન્ય નગરપાલિકાઓ પણ આવા જ પ્રકારનાં પગલાં લેશે.

**આપણો કાયદો**

## ગુજરાત નગરપાલિકા ધારા-૧૯૬૩માં ૧૯૯૩નો સુધારો

૧૯૯૨માં ભારતની સંસદે ૭૪મો બંધારણ સુધારો પસાર કર્યો. આ સુધારાને લીધે નગરપાલિકાઓ બંધારણ હેઠળની સ્થાનિક સરકાર બની. ૭૪મો બંધારણ સુધારો થયા પછી દરેક રાજ્યે પોતાના નગરપાલિકાઓ અંગેના કાયદામાં સુધારા કરવા જરૂરી હતા. તેને પરિણામે ગુજરાત વિધાનસભાએ ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા ધારામાં સુધારા કર્યા. આ સુધારા કરતો ખરડો ૧૯૯૩માં પસાર કરાયો. આ સુધારા ખરડો તા. ૧૭-૮-૧૯૯૩ના ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રકાશિત થયો અને અમલમાં આવ્યો. આ સુધારા હેઠળ ગુજરાત નગરપાલિકા ધારામાં ૭૦ નાના-મોટા સુધારા કરવામાં આવ્યા છે. તેમાં કેટલીક કલમો રદ કરાઈ છે, કેટલીક ઉમેરાઈ છે, કેટલીક બદલાઈ છે અને કેટલીક કલમોમાં નાના ફેરફારો કરવામાં આવ્યા છે. ૧૯૯૩માં ગુજરાત નગરપાલિકા ધારામાં સુધારા કરાયા તે ૭૪મા બંધારણ સુધારાનો અમલ કરવા માટે કરાયા. પણ તે અગાઉ પણ આ કાયદામાં ૨૪ વખત સુધારા થઈ ચૂક્યા હતા અને ૧૯૯૩ના સુધારા પછી પણ બીજા ત્રણ સુધારા ૨૦૦૧ સુધીમાં કરાયા છે. આમ, આ કાયદામાં ૧૯૬૫થી ૨૦૦૧ સુધીમાં કુલ ૨૮ વખત સુધારા કરાયા છે. ૧૯૯૩ના સુધારાથી ૧૯૬૩ના કાયદામાં થયેલા ફેરફારો આ છે:

(૧) પાલિકાનું વસ્તી પ્રમાણે પાંચ ભાગમાં વિભાજન કરવામાં આવ્યું.
(૨) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, પછાત વર્ગો અને મહિલાઓ માટે અનામત બેઠકોની વ્યવસ્થા થઈ. હોદ્દાઓમાં પણ અનામત દાખલ કરવામાં આવી.
(૩) તમામ નગરપાલિકાઓની ચૂંટણીની કામગીરી રાજ્ય ચૂંટણી પંચને સોંપવામાં આવી. દર પાંચ વર્ષે ચૂંટણી ફરજિયાત થઈ.
(૪) નગરપાલિકાની મુદત પાંચ વર્ષની જ રહે.
(૫) કાઉન્સિલરોની મુદત પણ પાંચ વર્ષની જ રહે. કોઈ કાઉન્સિલરની બેઠક ખાલી પડે તો છ માસના ગાળામાં ચૂંટણી થાય.
(૬) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓ નગરપાલિકાઓ તૈયાર કરે.
(૭) રાજ્ય સરકાર પાસેથી નગરપાલિકાઓને અનુદાન મળે તે માટે દર પાંચ વર્ષે રાજ્ય સરકાર એક નાણાં પંચની નિમણૂક કરે.


**વધુ માહિતી માટે સંપર્ક**

પ્રમુખ અને ચીફ ઓફિસર
**ખેડબ્રહ્મા નગરપાલિકા**
ખેડબ્રહ્મા
ફોન નં: ૦૨૭૭૫-૨૨૦૦૨૧

**નાગરિક સહયોગ કેન્દ્ર**
(ઉન્નતિ અને ખેડબ્રહ્મા નગરપાલિકાનો સંયુક્ત પ્રયાસ)
ખેડબ્રહ્મા નગરપાલિકા
ખેડબ્રહ્મા.

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ફોન: (૦૭૯) ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬, ફેક્સ: ૨૬૭૪૩૭૫૨


*ફક્ત અંગત વિતરણ માટે*